ભિક્ષુક ગૃહોમાં રસોઇયાની
જગ્યાઓ આઉટસોર્સથી
ઉભી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:ચચક-૧૦૨૦૧૩-૮૯૦૩૮૧-નબા.૧૨-છ
સચિવાલય, ગાંધીનગર,
તારીખ: ૨૮.૭.૨૦૧૪

28 JUL 2014

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના તા.૧૩-૧૨-૨૦૧૩ ના પત્ર ક્રમાંક: સસુખા-યજન- નવી બાબત-૧૩-૧૪-૨૭૧.

પ્રસ્તાવના:

રાજયમાં મુંબઇ ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ - ૧૯૫૯ અને ૧૯૬૪ અન્વયે ગુજરાતમાં ભિક્ષા પ્રતિબંધક અંગેના નિયમો અમલમાં છે. જે અંતર્ગત ૦૪ ભિક્ષુક ગૃહો અને ૦૧ મહિલા ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર કાર્યરત છે. સદર ભિક્ષુક ગૃહોમાં ભિક્ષુક ધારા હેઠળ કમિટ થયેલ ભિક્ષુકો રાખવામાં આવે છે. ઉકત ભિક્ષુક ગૃહોમાં સુપ્રિન્ટેંડન્ટ, કેસ વર્કર, ગાર્ડ, કલાર્ક, ઉદ્યોગ શિક્ષકોની જગ્યાઓ મંજૂર થયેલ છે. આ ભિક્ષુક ગૃહોમાં રસોઇની કામગીરી અટકાયત કરેલ ભિક્ષુકો પાસે કરાવવામાં આવતી હતી. પરંતુ અનુભવે એવું ધ્યાને આવેલ છે કે, ભિક્ષુક દ્વારા બનાવેલ રસોઇ યોગ્ય તથા પૌષ્ટિક ન હોઇ સદર સંસ્થાઓમાં રસોઇયાની જરુરીયાત ઉભી થયેલ હોઇ, નિયામકશ્રી, સમાજ સુરક્ષાના વંચાણે લીધેલ ક્રમ (૧) ના પત્રથી કરેલ દરખાસ્ત અન્વયે રાજયના ૫ ભિક્ષુક ગૃહોમાં રસોઇયાની જગ્યાઓ આઉટસોર્સથી ઉભી કરવા સને ૨૦૧૪-૧૫ ના વર્ષની નવી બાબત રૂ ૩,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ લાખ) ની અંદાજપત્રમાં જોગવાઇ કરવામાં આવેલ.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે રાજયના ૫ ભિક્ષુક ગૃહોમાં રસોઇયાની જગ્યાઓ આઉટસોર્સથી ઉભી કરવા રૂ. ૩.૦૦ લાખની નવી બાબતને નીચે મુજબની શરતોને અધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) દરેક ભિક્ષુક ગૃહમાં ૧ (એક) લેખે કુલ ૫ (પાંચ) રસોયાની રૂ.૫,૦૦૦/-ના ફીકસ પગારથી ૬૦ માનવ મહિના (૫ X ૧૨) માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૪-૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક:મકમ-૨૦૦૪-૨૫૩૯(૧)-ખ-૩ ની જોગવાઇઓ અન્વયે આઉટસોર્સથી કામગીરી કરાવવાની રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા જરુરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયેના કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ તા.૦૧-૦૮-૨૦૧૪ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નંબર – ૯૨ (નોન પ્લાન), ૨૨૩૫ - સમાજ સુરક્ષા અને કલ્યાણ, ૦૨-સમાજ કલ્યાણ, ૮૦૦-અન્ય ખર્ચ, ૦૧-એસ.સી.ડબલ્યુ- ૨૩ ભિક્ષા નાબુદી, ભિક્ષુકોના પુન:સ્થાપન માટેનો કાર્યક્રમ સદરે કરાયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

-3-

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા. ૧૧-૭-૨૦૧૪ ની નોંધથી મળેલ સમંતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેન્દ્ર ચૌહાણ)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી, માગઁ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર / સુરત / રાજકોટ / વડોદરા.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર/સુરત/રાજકોટ/વડોદરા.
- સબંધિત ભિક્ષુક ગૃહો, ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર, સુરત.
- ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર, રાજકોટ.
- ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર, વડોદરા.
- ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર, ડભોડા, જિ.ગાંધીનગર.
- ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર, ઓઢવ, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- બ-શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.